જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૧/૨૦૧૮ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૯/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૪૮ લીટર, ૩૯ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૬,૦૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૦/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૮૧/૧૮

**કાગડાપીઠઃ** ડૉ.શ્યામલ કાળીદાસ પુરાણી (ઉ.વ.૬૮) (રહે. "એકત્ર" વિનયવિહાર સોસાયટી બહેરામપુરા) એ તા.૧૧/૦૧/૧૮ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૧/૨૦૧૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મહાકાલેશ્વર કંટ્રકશન પ્રા.લી ના ડાયરેકટર અરજણભાઇ ઉકાભાઇ સોલંકી (રહે. પંચમ બંગ્લોઝ પાલડી) એ ડૉ.શ્યામલ પુરાણીને બહેરામપુરા કબાડી માર્કેટ-૨ સામે દ્વારકેશ ફ્લેટમાં ફ્લેટ આપવાનુ જણાવી ડૉ.શ્યામલ પુરાણી પાસેથી ફ્લેટના રૂપિયા ૩૪,૭૫,૦૦૦/- મેળવી લઈ આજદીન સુધી ફ્લેટનો બાનાખત કે દસ્તાવેજ નહી કરી આપી, તેમજ ડૉ.શ્યામલ પુરાણીની પુત્રીને પણ આરોપી અરજણભાઇ ઉકાભાઇ સોલંકીએ દ્વારકેશ ફ્લેટ ખાતે ફ્લેટનો એલોટમેન્ટ લેટર આપી તે જ ફ્લેટનો પજેશન લેટર બીજી વ્યક્તિને આપી, એક જ ફ્લેટના પજેશન તથા એલોટમેન્ટ લેટર બે-બે વ્યકિતઓને આપી તેમજ 2bhk ના બદલે 1bhk ફ્લેટ આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી વી.એલ.વાઘેલા ચલાવે છે.

**સરદારનગરઃ** હેમરાજ રજેન્દરસિહ રાઉલજી (રહે.સરદારપટેલનગર શાસ્ત્રીનગર નારણપુરા) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૧/૧૮ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે સરદારનગર એરપોર્ટ સર્કલ બાજુ માં આવેલ હોટલ કંફર્ટ ઇન આગળ બે અજાણી મહિલાઓ વિધ્યાપીઠ બેક સાઇટ પુણે મહારાસ્ટ્રની હોવાની ઓળખ આપી જે પૈકિ એક એ પોતે પુજા પાલામ્દ હોવાની ઓળખ આપી હેમરાજ રાઉલજી પાસેથી સેલ્ફ ડ્રાઈવ માટે હેમરાજ રાઉલજીના ભાગીદાર કૃણાલ રાજેન્દ્રકુમાર પટેલની માલીકીની ઇનોવા કાર નંબર જીજે ૨૭ સી ૬૨૧૭ કિમત રૂપિયા ૮,૦૦,૦૦૦/- ચાર દિવસ માટે ભાડેથી લઇ જઈ આજદીન સુધી પરત નહિ આપી હેમરાજ રાઉલજી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.બાવા ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૨/૧૮</u>**

**ઈસનપુરઃ** શૈલેશભાઈ જેસિંગભાઈ ખમાર (રહે.જમનોમિકા એપાર્ટમેન્ટ ભારત કોલોની સ્ટેડિયમ રોડ નારણપુરા) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧/૧૭ સાંજના ૫/૦૦ થી તા. ૧૧/૦૧/૧૮ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન ઇસનપુર ઉત્તમનગર રામકૃષ્ણ સોસાયટી ખાતે રહેતા શૈલેશભાઈ ખમારના સાસુના મકાનના દરવાજાના તાળા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૪૦,૦૦૦/-, સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૬૦,૦૦૦/-, અને રોકડ રૂપિયા ૭૩,૦૦૦/- તેમજ ડોલર-૨૧૦ મળી કુલ રૂપિયા ૧,૮૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પ્રોપો.ઇ.શ્રી વી.એન.ભરવાડ ચલાવે છે.

**સરખેજઃ** રેશ્માબાનુ ડો/ઓ ઈરશાદઅલી સેજકર (રહે. સોના રેસીડેન્સી કાદરી પાર્ટી પ્લોટ પાછળ અંબર ટાવર સામે સરખેજ) એ તા.૧૧/૧/૧૭ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૨/૧૭ સાંજના ૬/૦૦ થી રાતના ૧૧/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૯૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.આર.રામાણી ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૩/૧૮</u>**

**શાહપુરઃ** સતારભાઇ ગુલામભાઇ શેખ (ઉ.વ.૭૨) (રહે. અબ્દુલ વહાબનો ટેકરો ગુજરાત સમાચાર સામેની ગલીમા ખાનપુર શાહપુર) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૧/૧૮ સાંજના ૫/૦૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન તિજોરીના તાળા રિપેર કરવાના બહાને બે સરદારજી છોકરાઓ સતારભાઈ શેખના ઘરમાંથી નજર ચુકવી તિજોરીમાંથી સોનાચાંદીના દાગીના કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એસ.ઇસરાણી ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૪/૧૮</u>**

**સોલા હાઈકોર્ટઃ** પુષ્પાબહેન રમેશચંદ્ર રાવલ (ઉ.વ.૫૯) (રહે. આર્યન ક્રીસ્ટલ ફ્લેટ, આર્યન પ્રાઇડ સામે, શાયોના તીલક પાછળ, વંદે માતરમ રોડ, ગોતા, સોલા) તા.૧૦/૦૧/૧૮ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે આર્યન પ્રાઇડના દરવાજા સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગના એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પુષ્પાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા૧૨,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પુષ્પાબહેન રાવલેસોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.યુ.પાડવી ચલાવે છે.

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૮૫/૧૮</u>**

**સરદારનગરઃ** દિનેશભાઇ બિજલભાઇ ભરવાડ (રહે. ભરવાડ વાસ કામદારનગર દ્વારકાનગર સામે એરપોર્ટ રોડ નોબલનગર સરદારનગર) એ તા.૮/૧/૧૮ રાતના ૮/૦૦ વાગે સત્કાર બંગ્લોઝની પાસે શાંતી પબ્લીક સ્કુલની બાજુમા મહિન્દ્રા કંપનીની પીકઅપ લોડીંગ ગાડી નંબર જીજે ૦૧ ડીઝેડ ૯૦૭૦ કિમત રૂપિયા ૪,૫૦,૦૦૦/-પાર્ક કરી હતી. જેની ચોરી તા.૯/૧/૧૮ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ દિનેશભાઈ ભરવાડે તા.૧૧/૧/૧૮ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.બાવા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૬/૧૮</u>**

**સરખેજઃ** રતીલાલ કેશવભાઈ પરમાર (ઉ.વ.૪૭) (રહે.ગાયત્રીનગર સોસાયટી સરખેજ ગામ) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૧/૧/૧૮ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જે.પાઠક ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.